## નિયમ સંગ્રહ-૧૫

## માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલભ્ય સવલતોની વિગતો

૧૭.૧ લોકોને માહિતી મળે તે માટે વિભાગે અપનાવેલ સાધનો, પદ્ધતિ અથવા સવલતો જેવીકે, લોકોને માહિતી મળી રહે તે માટે નાગરિક ઉડ્ડયન વિભાગમાં નીચે જણાવેલ સવલતો ઉપલબ્ધ છે.

નાગરિક ઉડ્ડયન વિભાગને લગતી માહિતી જુદા જુદા ૧૭ ભાગમાં આ પુસ્તિકામાં પ્રકાશિત કરવામાં આવેલ છે. આ પુસ્તિકા સંદર્ભ અર્થે લોકો વિભાગમાંથી મેળવી શકે છે.

જો કોઇ અરજદારની વિભાગમાં ઉપલબ્ધ રેકર્ડ નિરીક્ષણ કરવાની અરજી હોય તો અરજદારે માંગણી કરેલ રેકર્ડનું નિરીક્ષણ કરવા માટે સગવડ કરવામાં આવી છે. સાથો સાથ કોઇ અરજદારને વિભાગને લગતા કોઇ આપવા પાત્ર દસ્તાવેજોની નકલની જરૂરિયાત હોય તો તેની નકલ પણ નિયમાનુસાર જરૂરી ફી જમા કરાવી મેળવી શકે છે.

આ ઉપરાંત કોઇ અરજદારને વિભાગને સંબંધિત માહિતી સહેલાઇથી તેમના રહેણાંકના સ્થળે મળી રહે તે હેતુસર નાગરિક ઉડ્ડયન વિભાગને સંબંધિત માહિતી, વિભાગની વેબસાઇટ www.cad.gujarat.gov.in ઉપર મૂકવામાં આવેલ છે.